# ગુરુ અમૃત કી ખાન

શાસ્ત્ર, પરંપરા અને અનુભવના
પુણ્ય-પ્રયાગમાં
સુધા-સ્નાન કરીને
ગુરુતત્ત્વની અસ્મિતાને માણવાનો
દુર્લભ અવસર

પ્રિયમ્

❖ વિ.સં. ૨૦૭૨, પ્રથમ આવૃત્તિ ❖

આલેખન - સિદ્ધાચલ મહાતીર્થ, વિ.સં.૨૦૭૨

**• પ્રાપ્તિસ્થાન •**

◆ **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ,**
સિદ્ધાન્તમહોદધિ શ્રીપ્રેમસૂરીશ્વરજી શ્રુતસદન, પ્રેમકુંજ,
તુલસીબાગ કોલોની, આનંદ મંગલ-III કોમ્પ્લેક્ષ પાસે,
હીરાબાગ ક્રોસિંગ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬.
દિનેશભાઈ મો. ૯૮૨૪૦૩૨૪૩૬,
યોગેશભાઈ મો. ૯૯૭૪૫૮૭૮૭૯

◆ **બાબુભાઈ બેડાવાળા,**
સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન સ્કુલ પાસે, હીરા જૈન
સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો.૯૪૨૬૫૮૫૯૦૪.

◆ **અક્ષયભાઈ શાહ,**
૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ, સર્વોદયનગર, મુલુંડ (વે.),
મુંબઈ-૪૦૦૦૮૦. મો.૯૫૯૪૫૫૫૫૦૫

◆ *No Copyright. Reproduction Welcome.* ◆

Welcome

# ખરેખર ન્યાલ

જેના નામથી ય
મૃત્યુના મોતિયા મરી જાય
એનું નામ અમૃત.
એનું બિન્દુ ય મળી જાય
તો કામ થઈ જાય.
તો પછી
એની ખાણ મળી જાય,
તો તો કહેવું જ શું ?
ન્યાલ,
ખરેખર ન્યાલ.
અહીં મુખર બન્યો છે આ જ અનુભવ.
જાત-અનુભવનો આ આનંદ
ખાણને માણવાની આ મજા
આજે ઉજાણી બની રહી છે.
પધારો,
લગાવો ડુબકી
આપ સૌનું હાર્દિક સ્વાગત છે.

યહ તન વિષ કી વેલડી

# ગુરુ અમૃત
# કી ખાન

સીસ દીએ જો ગુરુ મિલે
તો ભી સસ્તા જાન

# લઘુતા મેં પ્રભુતા બસે

એક વાર હું ગુરુદેવને રાઈ–મુહપત્તિ (દ્વાદશાવર્ત વંદન) કરી રહ્યો હતો. કોઈ વંદનાર્થી આવ્યા. વંદન કરીને ગુરુપૂજન કરવા દેવાની વિનંતિ કરી. ગુરુદેવે પાટ પાસે પડેલ થાળી તરફ ઈશારો કરી પુસ્તક પર પૂજા કરવા કહ્યું. વંદનાર્થીએ ગુરુદેવના ચરણ પર પૂજન કરવાની ભાવના વ્યક્ત કરી ને ગુરુદેવ સહજરૂપે બોલી ઉઠ્યા : "ગુરુ કરતાં જ્ઞાન ચઢિયાતું છે."

**પ્રશમરતિ**માં કહ્યું છે –

**गुर्वायत्ता यस्माच्छास्त्रारंभा भवन्ति सर्वेऽपि ।**

– સર્વ શાસ્ત્રો ગુરુને આધીન છે.

**કલ્પસૂત્ર** ફરમાવે છે – **आयरिया पच्चवायं जाणंति ।** – અમે કહેલા આચારો પણ જો તમે ગુરુને પૂછ્યા વિના પાળશો, તો એ અનાચારો બની જશે. છેલ્લો નિર્ણય ગુરુનો રહેશે. કારણ કે ગુરુ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ–આત્મા દ્ર આ બધું જોઈને નિર્ણય કરશે. ગુરુદેવને આ બધું નથી ખબર એવું નથી. એમણે જ તો અમને આ જ્ઞાન આપ્યું છે. પણ ગુરુદેવની આ અદ્ભુત લઘુતા છે, કે જ્ઞાનની સમક્ષ પોતાને 'હીન' તરીકે પ્રસ્તુત કરે છે.

# નવયૌવનનો સંચાર

૮૪ વર્ષની વયે – નાદુરસ્ત તબિયતે – લગભગ સતત રહેતાં છાતીના દુઃખાવા સાથે – આબોહવાઓની અસરો સાથે – સામાન્યથી સૂતા સૂતા સ્વાધ્યાય કરતાં ગુરુદેવ જો એકદમ ટટ્ટાર બેસીને લખતાં કે જુસ્સાસભર સંબોધન કરતાં દેખાય, તો સમજી લેવાનું કે યા તો 'શ્રુતરક્ષા' ની વાત છે ને યા તો શાસનના કોઈ પ્રશ્નની વાત છે. આ બાબતોમાં ગુરુદેવ કદી વૃદ્ધ નથી, બલ્કે સદા સમૃદ્ધ છે.

શ્રુતભક્તિ એટલે મૂળમાં સિંચન
પરિણામે સમગ્ર જિનશાસન લીલુંછમ.

# અહો અજાયબી

- પોતાના ગુણાનુવાદ કરાવવા – અતિ નીચી કક્ષા
- પોતાના ગુણાનુવાદથી રાજી થવું – નીચી કક્ષા
- પોતાના ગુણાનુવાદ અટકાવી દેવા – ઉચ્ચ કક્ષા
- પોતાના ગુણાનુવાદમાં હર્ષ ન થવો – અતિ ઉચ્ચ કક્ષા

એક વાર ગુરુદેવના જન્મદિવસની ગુણાનુવાદ – સભા હતી. પર્યુષણમાં ચૌદશે ગુરુદેવનો જન્મદિવસ. ગુરુદેવ પધાર્યા. મારી જગ્યા નીચે – પાટની બરાબર સામે. ગુણાનુવાદ આગળ ચાલ્યા. પૂજ્યો–શ્રાવકો ઘણું સુંદર બોલ્યા. ગુરુદેવ બરાબર મારી સામે. મેં બરાબર માર્ક કર્યું. ગુરુદેવના ચહેરાની એક રેખા પણ બદલાઈ નથી. સો ટકા સાક્ષીભાવે – તદ્દન નિર્લેપભાવે ગુરુદેવ માત્ર હાજર હતા. માત્ર હતા. પણ ભળ્યા ન હતાં. પ્રંશસાના એ પૂરમાં તણાયા ન હતાં.

ઉપનિષદોનું ઉપવન યાદ આવે –

**प्रतिष्ठा शूकराविष्टा समाम्नाता महर्षिभिः** – મહર્ષિઓ નામના અને કીર્તિને ભૂંડણની વિષ્ટા સમાન ગણે છે.

# નિરીહતાનીરધિ

કેટલાંક પુસ્તકોનો પ્રસાર જો લેખક–પ્રકાશકાદિ નામ વિના થાય, તો સમુદાય આદિનો ભેદ ન નડે. જ્ઞાનપ્રસાર ખૂબ સારો થાય અને જિનશાસનને તથા લોકોને ખૂબ સારો લાભ થાય એવી શક્યતા હતી. આ બધી પરિસ્થિતિ સમજીને ગુરુદેવ વિના નામે તે પ્રકાશનો કરાવવાનો નિર્ણય કર્યો, જે ખરેખર દુર્લભ ઉદાહરણ છે.

મને ઘણી વાર ખોટો પ્રશ્ન થતો કે કલાકો સુધી પ્રભુભક્તિ કરવી એ શ્રમણજીવનમાં કેટલું ઉચિત ? ચૈત્યવંદન થઈ ગયું. બહુ થઈ ગયું. પણ ગુરુદેવના આ ગુણો જોયા પછી એનો જવાબ મળી ગયો. પ્રભુ હૃદયમાં વસે એટલે પ્રભુનું શાસન હૃદયમાં વસે, અને પરિણામે દુન્યવી તૃષ્ણાઓની જગ્યા જ ન રહે.

**ત્યજીશ ઈચ્છા મુક્તિની પણ સંત થઈને હું કદા.**
**અપ્રમત્ત સાધુને મોક્ષની પણ ઈચ્છા ન હોય,**
**તો પછી 'નામના'ની કામના ક્યાંથી હોય ?**

# પુણ્યપ્રકોપ

**‘જો આ ફોટો આ ચોપડીમાં આવ્યો છે,**
**તો આ ચોપડી કેન્સલ.’**

પ્રેસવાળા સ્તબ્ધ હતા. એક શબ્દ બોલવાની અમારી હિંમત ન હતી. અમને ખબર નહીં કે ચન્દ્રમાંથી ય અંગારા ખરી શકે.

વાત એમ બની હતી કે ‘રેડી ફોર પ્રિન્ટ’ થયેલા પુસ્તકમાં છેલ્લે છેલ્લે દાદા ગુરુદેવોના ફોટા સાથે ગુરુદેવનો પણ ફોટો આપી દેવાયેલ. પંકજ સોસાયટીના–સ્મૃતિમંદિરમાં ભોળા પ્રેસવાળાઓએ એ ફોટાના પ્રુફના દર્શન ગુરુદેવને કરાવી દીધા. ખબર નહીં, એ એમની ભૂલ હતી કે એમનું સૌભાગ્ય હતું. એમણે ધાર્યું હશે કે આચાર્યશ્રી ખુશ થશે, પણ આ પુણ્યપ્રકોપમાં એમને **ખુશીના બદલે ખુમારી**ના દર્શન થયા. જિનશાસનની ગુણાત્મક ગરિમાનો સાક્ષાત્કાર થયો.

**સંજ્ઞોપનિષદ્** યાદ આવે –

**नाम-रूपे हि संसारो,**
**मार्ज्ये स्वहस्ततो हि ते ।**

क्व तदर्थं त्वदायासः ?
कृतं तन् मानसञ्ज्ञया ॥

નામ અને રૂપ એ જ તો સંસાર છે. એમને એ તારે તારા હાથે જ ભુંસાડવાના છે. તો પછી તું એમને ચિતરવા માટેનો પ્રયાસ શી રીતે કરી શકે ? સર્યું હવે તો માનસંજ્ઞાથી.

ગુરુદેવ દ્વારા પ્રેરિત–લિખિત–સંપાદિત પ્રકાશનોની સંખ્યા લગભગ ૯૦૦ ના આંકડાને વટાવી ગઈ છે. એમાં નિરપવાદપણે એક પણ પ્રત–પુસ્તક–પુસ્તિકામાં ગુરુદેવનો ફોટો નથી. પ્રકાશનોના ટાઈટલ પેજીસમાં ગુરુદેવની બે વસ્તુ આંખે ઉડીને વળગે. પોતાના ઉપકારી ગુરુદેવો પ્રત્યેનો ઝળહળતો રાગ, જાત પ્રત્યેનો ઝળહળતો વિરાગ.

ગુરુદેવમાં સંવેગની વ્યાખ્યા કેવી ફિટ બેસે છે !...

**निश्चलो योऽनुरागः ।**

# સત્ત્વપુરુષ

## ‘તમારે એમના પૈસા લેવાના હોય તો હું પ્રોગ્રામમાં નહીં આવું.’

વર્તમાનકાળના રાજા–મહારાજા કહેવાય તેવા શ્રેષ્ઠીઓને ગુરુદેવે કહેલા આ શબ્દો હતાં. અનીતિના કરોડો રૂપિયા પણ આપણા તીર્થ/સંસ્થા આદિમાં આવે, એ વિકાસ નહીં પણ વિનાશ છે, એવું ગુરુદેવશ્રી માનતા, કહેતા અને તેમણે પોતાનું વચન શિલાલેખની જેમ પાળીને પણ બતાવ્યું. ન શ્રીમંતોની પરવા કરી, ન ‘નિશ્રાદાતા’ તરીકેની પ્રસિદ્ધિની. યાદ આવે પરમપાવન શ્રી **આચારાંગસૂત્ર... निव्विंद नंदिं...**

> **सर्वं सत्त्वे प्रतिष्ठितम् ।**
>
> સત્ત્વશાળી પુરુષ બધા
>
> લાભોને પામે છે.

# બ્રહ્મપ્રકાશ

એ દિવસ હતો ચાતુર્માસ પરાવર્તનનો. લાભાર્થીના ઘરે એક રૂમમાં હું હતો ને ગુરુદેવ હતા. સૂરિમંત્રના જાપનો સમય થયો. મેં ઈશારા સાથે ગુરુદેવને પૂછ્યું, ‘‘અહીં જાપનું ગોઠવી દઉં ?’’ ગુરુદેવે સ્પષ્ટ અણગમા સાથે નકારસૂચક સંકેત કર્યો – મને કારણ સમજાઈ ગયું. જે જગ્યાએ જાપનું ગોઠવવા માટે મેં અનુજ્ઞા માંગી હતી, તે ડબલબેડ વાળો પલંગ હતો. ભલે ગાદલા ત્યાંથી લઈ લેવામાં આવેલ પણ પલંગ તો એ જ..

આજે ચૌદ વર્ષ પછી પણ એ અણગમો મારી સ્મૃતિમાં અંકિત છે. પરમ પાવન **શ્રીઉત્તરાધ્યયનસૂત્ર**નું આખું ય બ્રહ્મસમાધિ અધ્યયન એ બે ક્ષણના અણગમામાં જીવંત બન્યું હતું.. **धम्मारामे चरे भिक्खू।** એ અણગમો ન હતો. ‘બ્રહ્મ’નો ગમો હતો. હૃદયની વાત કહું, તો ગુરુદેવે મને એ બે ક્ષણોમાં આ ‘ગમા’ની પ્રસાદી આપી હતી. મને જે આગમોથી નથી મળ્યું, એ ગુરુદેવથી મળ્યું છે.

# બ્રહ્મશુદ્ધિ

ચાતુર્માસ બાદ એક મોટા તીર્થમાં પોષદશમીની આરાધના માટે જવાનું હતું. ઉપધાનની માળ બાદ નીકળીએ ને એ તીર્થમાં પહોંચીએ ત્યાં તો સમય થઈ જાય. છ'રી પાળતા સંઘ સાથે એ તીર્થમાં જવાની વાત આવી. લાભાર્થીઓ તૈયાર હતાં. યાત્રિકોની સંખ્યા પણ થાય એમ હતી. સંઘ સાથે જવામાં એ ક્ષેત્રની પ્રતિકૂળતાઓ નડવાની ન હતી. છતાં વીશ–પચ્ચીશ મહાત્માઓના સમુદાય સાથે ગુરુદેવ વિના સંઘે એ તીર્થમાં પધાર્યા. **સંઘ કાઢવાની ના પાડી દીધી.** ન વાજા–ગાજા.. ન શાહી રસોડા.. ન લોકોના ટોળા.. ન રજવાડી સામૈયા...

**સંઘયાત્રાને ટાળવાની આ રીત પરમ ગુરુદેવ પાસેથી એમને વારસામાં મળી છે.** સ્થાન–વિહાર આદિમાં વિજાતીયના દર્શનાદિથી સ્વયં મુક્ત રહેવાનો અને આશ્રિતોને મુક્ત રાખવાનો આ સીધો, સરળ ને સફળ પ્રયાસ. દર વર્ષે ગુરુદેવ અનેક સંઘયાત્રાઓને ટાળતા જ રહે છે. કેટલાંક કારણિક અપવાદો સિવાય તેમણે સંઘયાત્રામાં નિશ્રા આપવાનો સ્વીકાર કર્યો નથી.

પૂ. મહોપાધ્યાયજીના **ઉપદેશરહસ્ય**ના શબ્દો યાદ આવે –

**किं बहुणा इह जह जह रागद्दोसा लहुं विलिज्जंति।**
**तह तह पयट्टियव्वं, एसा आणा जिणिंदाणं ।।**

જિનેશ્વરોની અંતિમ આજ્ઞા તો એ જ છે, કે જેમ જેમ રાગ–દ્વેષો જલ્દીથી વિલય પામે, એ રીતે વર્તવું. **ગરમાગરમ વિનંતિઓની ઉપેક્ષા કરીને ઠંડા ક્ષેત્રમાં ઠંડકથી ચોમાસું કરતાં ગુરુદેવશ્રીના નિર્ણયો જ્યારે ન સમજાય, ત્યારે તેનું સમાધાન ઉપરોક્ત ગાથામાંથી મળી રહે છે.**

***Health is lost, Nothing is lost***
***Wealth is lost, Nothing is lost***
***Character is lost, Everyhing is lost***

# બ્રહ્મવાત્સલ્ય

ચાતુર્માસાદિમાં સાથે કયાં સાધ્વીજી છે, એની અમને ખબર નથી. કોઈ સાધ્વીજી અમને કદી વંદન કરે, એવી અહીં સિસ્ટમ નથી. કોઈ શ્રાવિકા અમારી પાસે આવે, એવી એમની હિંમત નથી. વિજાતીય પરિચય શું હોય, એનો અમને પરિચય નથી. ભરયુવાનીના આ વર્ષો ક્યાં ગયા, એની અમને ખબર નથી. કાળ ખૂબ બગડ્યો છે, એવો અમને કોઈ અનુભવ નથી.

આ આપબડાઈ નહીં, ગુરુબડાઈ છે. આનું સંપૂર્ણ શ્રેય ગુરુદેવને. જો આ છાયા ન હોત, તો કદાચ ક્યારના ય અમે ગરમીથી મરી ગયા હોત. **એમ કહેવાય છે કે ગુરુદેવની *પાચનશક્તિ નબળી છે. પણ મને આમાં ગેરસમજ લાગે છે. गणाहिवइस्स पमत्तस्स જેવા (મહાનિશીથસૂત્ર આદિ) આગમના વચનોને ગુરુદેવે ખૂબ સુંદર રીતે પચાવ્યા છે.**

---

* શારીરિક – હોજરીની.

# હિતવચન

આ વખતે પાલીતાણામાં તમે દશ સ્થાનોમાં પર્યુષણની આરાધના કરાવી. બધેથી તમારા માટે ખૂબ સુંદર અભિપ્રાયો આવ્યા.

તમારા બધાની ખૂબ ખૂબ અનુમોદના.

વ્યાખ્યાનકારે બે વસ્તુ માટે સાવધ રહેવું.

(૧) **અહંકાર ન કરવો** – બધો યશ પ્રભુને – પ્રભુના શાસનને આપવો.

(૨) **વિજાતીય પરિચય ન કરવો.** વ્યાખ્યાનકાર માટે આ બહુ મોટું ભયસ્થાન છે.

**ગુરુવક્ત્રે સ્થિતા વિદ્યા**
**ગુરુભક્ત્યા તુ લભ્યતે**
**- ગુરુગીતા**

વિદ્યાનું નિવાસસ્થાન છે ગુરુમુખ.
વિદ્યાની પ્રાપ્તિ થાય છે ગુરુભક્તિથી.

# ।। गुरुकुलवासो ब्रह्मचर्यम् ।।

તત્ત્વાર્થભાષ્યનું પૂ. ઉમાસ્વાતિ મહારાજનું આ વચન. ગુરુદેવને બ...રા..બ..ર. અસ્થિમજ્જા. વિહાર–ઉપાશ્રય–વ્યવસ્થા–અગવડ–સગવડ.. બધા મુદ્દાઓને ગૌણ કરીને ગુરુદેવ 'સાથે' નો બ્રહ્મનાદ કરે એટલે અંદરની–બહારની બધી જ ગોઠવણો વીખેરાઈ જાય, ને બધાં 'સાથે' ગોઠવાઈ જાય. કેવો મજાનો આ મંત્ર ! 'સા...થે.'

શુદ્ધ બ્રહ્મચર્યનો શ્રેષ્ઠ અને પ્રાયઃ એક માત્ર ઉપાય ગુરુકુલવાસ છે. માટે જ કહેવું પડ્યું – **ગુરુકુલવાસ એ જ બ્રહ્મચર્ય છે.**

**धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ।**

**- पुष्पमाला**

જે શિષ્યો યાવત્ જીવિત ગુરુકુળવાસને તજતા નથી, તે શિષ્યો ભાગ્યવંત છે.

# सुत्ता अमुणीणो

**“જુઓ, તમે હમણાં જતા નહીં, હું અહીં છું ત્યાં સુધી તમે પણ અહીં રહેજો.”**

હજી તો ગુરુદેવ રંગમંડપમાં પધાર્યા ને ત્યાં રહેલ એક વૃદ્ધ મહાત્માને આ શબ્દો કહ્યાં. કારણ ? આમ તો બપોરના એકાંતમાં ગુરુદેવ એકલા જ પ્રભુભક્તિ કરવા માટે દેરાસરમાં પધાર્યા હતા. પણ ગુરુદેવે જોયું, કે બહારના રંગમંડપમાં બહેનો પૂજા ભણાવી રહ્યા છે. ગુરુદેવે સંક્ષિપ્ત ભક્તિ કરવાનો નિશ્ચય કર્યો હશે, પણ એટલો સમય પણ બહેનોની હાજરીમાં પોતે એકલા હોય, એવું એમને માન્ય ન હતું. આ ઘટના વખતે એમની ઉંમર હતી ૭૩ વર્ષ. **આ હતો સાધુતાનો ઉજાસ. યાદ આવે પરમ પાવન આચારાંગ સૂત્ર – સાધુ એ, જે જાગૃત હોય.**

**जुव्वईहिं सह कुणंतो,**
**संसग्गि कुणइ सयलदुक्खेहिं ।**

સ્ત્રી સાથે સોબત કરનાર
સમસ્ત દુઃખો સાથે સોબત કરનાર જાણવો.

# *Certificate of Merit*

શિષ્ય, ભક્ત, કોઈ ઉપકૃત કે કોઈ વિશિષ્ટ ગુણાનુરાગી ચાર મોઢે ગુરુગુણ ગાય એ સારું જરૂર છે, પણ એના કરતાં વધુ મૂલ્યવાન અને વધુ પ્રામાણિક હોય છે વડીલો – ગુરુદેવોના અભિપ્રાયો, જેમનો અંશ અહીં પ્રસ્તુત છે.

- ''રાજેન્દ્રવિજય અને હેમચન્દ્રવિજય આ બેને ચોમાસું કરવા મોકલું, એટલે મને એમની ચિંતા નથી રહેતી. (એમની સંયમની શુદ્ધિની બાબતમાં હું નિશ્ચિંત છું.)'' – **સૂરિ પ્રેમ** (જ્યારે પૂ.ચન્દ્રશેખરવિજયજી આદિના સ્વતંત્ર ચાતુર્માસો શરૂ થયા ન હતા, ત્યારની આ વાત છે, માટે વાચકે ગેરસમજ ન કરવી.)

- ''બોલ, તું હેમચન્દ્રવિજય જેવો સ્વાધ્યાય ક્યારે કરીશ ?''
  – નૂતન દીક્ષિતને **સૂરિ પ્રેમ**ની પ્રેરણા

- એક મુમુક્ષુ ગુરુદેવથી ભાવિત થયો. વળી એક બીજા પ્રભાવક પ્રવચનકારથી આકર્ષાયો. એક મુમુક્ષુએ પૂ. ગચ્છાધિપતિશ્રી **જયઘોષસૂરિ** મહારાજા પાસે સલાહ માંગી,

મારે ક્યાં દીક્ષા લેવી ? પૂજ્યશ્રીનો અભિપ્રાય તેમના જ શબ્દોમાં –

"પાટ ગજાવવી હોય તો ત્યાં દીક્ષા લે,
**સંયમનું સારું પાલન કરવું હોય,**
**તો હેમચંદ્રસૂરિજી પાસે દીક્ષા લે."**

❁ જાઓ, સ્વાધ્યાય તો પછી પણ થશે. અત્યારે હેમચંદ્રવિજયનું વ્યાખ્યાન સાંભળી લો.

– વૈરાગ્યવૃદ્ધિ માટે **સૂરિ પ્રેમ**ની શ્રમણોને પ્રેરણા.

❁ ગુરુદેવની દીક્ષા વખતે કુલ પાંચ ભાઈઓની દીક્ષા હતી. પાંચેમાં ગુરુદેવની ઉંમર સૌથી નાની. સહજ રીતે તેમનો નંબર છેલ્લો આવે. પાંચ નૂતનદીક્ષિતોમાં તેઓ સૌથી નાના બને. પણ **સૂરિ પ્રેમે** દીક્ષાવિધિમાં તેમનો નંબર પ્રથમ રાખ્યો. તેમને સૌથી મોટા બનાવ્યા. **ત્રેસઠ વર્ષ પહેલા - દીક્ષાની ય પહેલા પરમ ગુરુદેવે તેમનામાં એ બધું જ જોઈ લીધું હશે, જે આપણે આજે જોઈએ છીએ. 'આર્ષદષ્ટિ'નું કેવું અદ્ભુત ઉદાહરણ !**

(૧) પાલીતાણા પાસે કીર્તિધામ, રાજસ્થાનમાં સેવાડી ગામ, જીવિતસ્વામીનું નાંદિયાગામ... આવા કેટલાય ગામોમાં જિનાલયમાં ગુરુદેવે પ્રવેશ કર્યો ને વિહારનો પ્રોગ્રામ બદલાઈ ગયો. **પ્રોગ્રામની આવૃત્તિ સુધર્યા કરે, એ પાવન પરંપરા આજે ય ચાલુ છે.**

(૨) પ્રભુભક્તિમાં 'ભાન' ની ક્ષણો જેમ ઘટતી જાય, તેમ ભક્તિ શુદ્ધ બનતી હોય છે. આટલા વર્ષોનું અવલોકન કહે છે – ભક્તિની ભીનાશમાં ગુરુદેવનું ભાન વધુ ને વધુ ઓગળતું ઓગળતું વિલીનપ્રાયઃ બની ગયું છે. **દુનિયા જેને ગાંડપણ કહે ને જ્ઞાનીઓ જેને સાચી ભક્તિ કહે, એ વસ્તુ ગુરુદેવને મળી ચૂકી છે.**

(૩) રાજસ્થાનના પેશુઆ ગામમાં શ્રીકુંથુનાથ જિનાલયનો સુવર્ણજયંતિ મહોત્સવ. કરોડોની ઉછામણીઓ, બાદશાહી ઠાઠ માઠ. પિંડવાડાથી પેશુઆ તરફ વિહાર કર્યો. નાના આચાર્યશ્રી સીધા પધાર્યા. ગુરુદેવ 'નાંદિયા' થઈને પધારવાના

હતાં. પ્રવેશના દિવસે જોરદાર સામૈયું હતું. પણ, ગુરુદેવ ન પધાર્યા. બીજો દિવસ.. ત્રીજો દિવસ.. ગુરુદેવ તો જીવિતસ્વામીની જીવંત ભક્તિમાં મસ્ત બની ગયા હતા. એમને લોક નહીં, લોકનાથ જોઈતા હતા. ભપકો નહીં, ભક્તિ જોઈતી હતી. ટ્રસ્ટીઓના આગ્રહથી ચોથા દિવસે ગુરુદેવ પધાર્યા. અદ્ભુત સામૈયુ – ૧૧ લાખ રૂપિયાના ચડાવાથી ગુરુપૂજન – ભરચક મંડપ – દરેકને ૧૦૦ રૂા. ની પ્રભાવના.. ને ગુરુદેવ તદ્દન નિર્લેપ. **જે ખુદ પ્રભુમાં લેપાઈ ગયા હોય, એમને વળી શેનો લેપ લાગી શકે ?** યાદ આવે **ભક્તામરસ્તોત્ર.. नान्यः कश्चिन् मनो हरति नाथ भवान्तरेऽपि ।**

(૪) ‘‘ગુરુદેવ તો હજી દેરાસરમાં જ છે. તમે દેરાસર જઈને આવ્યા ? ગુરુદેવની ભક્તિ જોઈ ?’’ ‘‘સાહેબજી ! અમે તો કેટલા બધા ફોટા પાડીને આવ્યા છીએ.’’

– બહારગામથી આવેલ વંદનાર્થીઓ.

(૫) **‘નમુત્થુણં’** શું વસ્તુ છે ને ‘દેવવંદન’ ની શી અસ્મિતા છે, એ જાણવું હોય, તો કોઈ પણ

દિવસે સવારે જિનાલયમાં ગુરુદેવની પાછળ ગોઠવાઈ જવું. એ દિવસ ખરેખર યાદગાર બની જશે.

(૬) ત્રિલોકતીર્થવંદના, આર્હન્ત્ય, અરિહંતની વાણી હૈયે સમાણી, તીર્થ-તીર્થાધિપતિ, ભાવે ભજો અરિહંતને, ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિભલો, વિમલસ્તુતિ, પ્રભુદર્શન સુખસંપદા, પરમ પ્રાર્થના.. **આ બધા જ સર્જનો ગુરુદેવના અંતરમાં વહેતી ભક્તિગંગાના નિસ્યન્દો છે.**

(૭) શ્રુતોદ્ધાર-શિષ્યસમુદાયાનુશાસન-સ્વાધ્યાય-ધ્યાન-સૂરિમંત્ર જાપ-લેખન-વાંચન-શ્રીસંઘના કાર્યો વગેરેની સાથે સાથે ગુરુદેવ 'સાઈડમાં' (As A side business) 'અરિહંત' નો જાપ કરે છે. જેની કુલ સંખ્યા છ કરોડને વટાવી ગઈ છે.

**ભક્તિર્ભાગવતી બીજં, પરમાનન્દસમ્પદામ્ ।**
**- મહો. યશોવિજયજી**
પ્રભુ ભક્તિ મોક્ષનું અનન્ય કારણ છે.

# સૌજન્ય

**"સાહેબ ! નાનાના પ્રોગ્રામમાં ન જવું, એ નિયમ આપે બીજા માટે રાખવો, મારા માટે નહી."**

પ.પૂ.આચાર્ય શ્રીમદ્વિજય રત્નાકરસૂરિજી મ.સા.એ ગુરુદેવને આ શબ્દો કહ્યા, ત્યારે અમે સહુ એમના આદરને જોઈ જ રહ્યા. આચાર્યશ્રીને ગુરુદેવ સાથે ખૂબ જ આત્મીયતા છે. પોતાની નિશ્રામાં થતી અદ્‌ભુત શાસનપ્રભાવનામાં ગુરુદેવની નિશ્રા મળે, તે માટે તેમણે આ વાત કરી. તેમને ખબર હતી કે પોતાનાથી નાના પર્યાયના નિશ્રાદાતા પોતાના આગમનથી ગૌણ ન બની જાય, તે માટે શ્રાવકોના આગ્રહ છતાં ગુરુદેવ તેવા પ્રોગ્રામમાં પધારતા નથી. ઉપરોક્ત શબ્દોમાં અમને બે વસ્તુ જોવા મળી. ગુરુદેવનું સૌજન્ય અને આચાર્યશ્રીનો અદ્‌ભુત ગુણાનુરાગ.

**तो संविग्ग गुरुं चिय, मुक्खत्थी मुक्खकारणं पढमं ।**
**- मलधारी हेमचंद्रसूरि म.**

મુમુક્ષુએ મોક્ષના પ્રથમ કારણ રૂપ સદ્‌ગુરુને જ સેવવા.

# દરિયાદિલી

અનેક વિઘ્નો અને પ્રશ્નોમાંથી પરિશ્રમપૂર્વક પસાર થતી પ્રકાશનપ્રક્રિયામાં પોતાના શિષ્ય કે બીજાના શિષ્ય એવો ભેદ રાખ્યા વિના ગુરુદેવે અનેક મહાત્માઓના સંપાદનોને જિનશાસનનું કાર્ય ગણીને પ્રકાશિત કરાવ્યા છે. **આવી ઉદારતામાં ગુરુદેવને સમુદાયભેદ પણ કદી નડ્યો નથી.** આજે ય હસ્તપ્રતિ જેવી દુર્લભ અને અમૂલ્ય વસ્તુ પણ સંશોધક મહાત્માઓને જોઈએ, ત્યારે ગુરુદેવ સમુદાય આદિનો ભેદ જોયા વિના ઉદારતાથી પાઠવી આપે છે. પુરાણોનું પેલું સુભાષિત યાદ આવે –

**अयं निजः परो वेति, गणना लघुचेतसाम् ।**
**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ।।**

આ મારો ને આ પારકો, એવી ગણતરી ક્ષુદ્ર ચિત્તવાળા લોકોને હોય છે. **જેઓ ઉદાર છે, તેમના માટે તો આખી દુનિયા પોતાનો પરિવાર છે.**

# સૌહાર્દ

"ગુરુદેવ ! જો એ આપની પાસે જીવવિચારાદિ ભણ્યા છે, તો આપ એમના વિદ્યાગુરુ થયા. એમણે આપનો ઉપકાર માનવો જોઈએ."

એક આચાર્ય માટે મેં ગુરુદેવને આ શબ્દો કહ્યા હતાં. મને ખબર હતી કે તેઓ સમુદાયસહિત ગુરુદેવના વિરોધી છે. તેમણે અનેક પ્રકારે ગુરુદેવની નિંદા આદિ કરી છે. મારા શબ્દોમાં જરા આવેશ હતો, ફરિયાદ હતી, અણગમો હતો.. કેમ ઉપકાર ન માને, એવો આગ્રહ હતો, ને ગુરુદેવે જવાબમાં માત્ર છ અક્ષર કહ્યા – "તો માને જ છે ને !"

**મને જવાબ ન સમજાયો, પણ ગુરુદેવ સમજાઈ ગયા.**

વૈદિક ગ્રંથ **ઈતિહાસ** યાદ આવે–

**द्विषामपि च दोषान् ये, न वदन्ति कदाचन ।**
**कीर्तयन्ति गुणांश्चैव, ते नराः स्वर्गगामिनः ॥**

જેઓ દુશ્મનોના પણ કદી દોષો બોલતા નથી, પણ તેમના ય ગુણો જ ગાય છે, તેઓ સ્વર્ગમાં જાય છે.

# સહૃદયતા

પાવાપુરી તીર્થમાં એક સંવેદનશીલ વક્તાનો કાર્યક્રમ હતો. ગુરુદેવ આમ તો કોઈ કાર્યક્રમોમાં ન પધારે, પણ એ વક્તા પ્રત્યેના ગુણાનુરાગથી પધાર્યા. સ્વયં આચાર્ય થઈને એક શ્રાવકનું વક્તવ્ય હૃદયથી સાંભળી રહ્યા ને ગળગળા થઈને આંખોને છલકાવી રહ્યા.

**અહંકારનો એક સમાનાર્થી શબ્દ છે અહંક્રિયા.** અહં હોય તો ક્રિયા કરે ને ? ‘અહં’ જ વિલીન ... બસ.. પછી તો હૃદય જ સર્વે સર્વા. અનંત અસ્મિતાના બધાં જ દ્વારો ખુલ્લા. ક્યાંક વાંચી હતી આ પંક્તિઓ –

**પહાડની ઊંચાઈને છોડ્યા પછી**
**આ નદી પહોંચી શકી સાગર સુધી.**

**दप्पो मूलं विणासस्स ।**
**- मलधारी हेमचन्द्रसूरि म.**
અભિમાન-ગર્વ (સકળ) વિનાશનું મૂળ છે.

# પરત્થકરણં ચ

એક પરિવારે દીક્ષા લીધી. પિતામુનિને બે પુત્રમુનિઓને ભણાવવા માટે પંડિતની જરૂર પડે એમ હતી. વર્ષો પહેલાની આ વાત. પગાર શી રીતે ચુકવવો, એની ચિંતા થઈ. એ સમયે આજના જેવી અનુકૂળતાઓ ન હતી. **પોતાના શિષ્ય ન હોવા છતાં ગુરુદેવે તેમને ખૂબ હૂંફ આપી. "તમ-તમારે પુત્રમુનિઓને ભણાવો, બધી જવાબદારી મારી." - આમ કહીને ગુરુદેવે તેમને નિશ્ચિંત કરી દીધા.** આજે પુત્રમુનિઓ વિદ્વાન આચાર્ય ભગવંત થઈને જિનશાસનની પ્રભાવના કરી રહ્યા છે.

મજાની વાત આ છે – આવા પરાર્થમાં કોઈ તકતી–બેનર–બોર્ડ તો ન જ લાગે, પણ ગુરુદેવે આટલા વર્ષોમાં કદી પણ આ ઉપકારની મૌખિક અભિવ્યક્તિ પણ કરી નથી. ઉપકારની દુનિયા ખરેખર અલૌકિક હોય છે. પેલું કાવ્ય યાદ આવે –

**इयमुच्चधियामलौकिकी,**
**महती काऽपि कठोरचित्तता ।**
**उपकृत्य भवन्ति निःस्पृहाः,**
**परतः प्रत्युपकारभीरवः ॥**

ઉદાત્તચિત્ત પુરુષોની આ કેવી કઠોરતા ! કેવી મોટી અલૌકિકતા ! **ઉપકાર કરીને પછી એવા નિઃસ્પૃહ થઈ જાય, કે જાણે પોતાને કાંઈ ખબર જ નથી.** લાગે છે અંદરથી ડરતાં હશે

તેઓ, કે હવે પેલાં પ્રત્યુપકાર કરવા ન આવી જાય !!!

ગુરુદેવના મુખે સાંભળેલી એક વાત – પરમ ગુરુદેવ સૂરિ પ્રેમ શરૂઆતના વર્ષોમાં વિહાર કરીને એક ગામમાં આવ્યા. ત્યાંના ઉપાશ્રયમાં ઘણા બધાં જુના–તૂટેલા પાત્રા, તરપણી વગેરે હતું. પૂજ્યશ્રીએ તે બધાંને સાંધ્યા અને સરસ કલર કરી દીધો. જેથી તે બીજાને ઉપયોગમાં આવી શકે. હવે તે પાત્રા વગેરે નવા જેવા થઈ ગયા. પૂજ્યશ્રી તો તે જ્યાં હતાં, ત્યાં જ મુકીને વિહાર કરી ગયા. ફરી પાછા જ્યારે પૂજ્યશ્રી એ ગામમાં આવ્યા ત્યારે તેમાંથી એક પણ પાત્રા આદિ ન હતાં. પૂજ્યશ્રીને સંયમીઓનો લાભ મળ્યાનો અપાર આનંદ થયો. કેવો પરાર્થ ! કેવી સેવા ! પેલી પંક્તિઓ કદાચ પૂજ્યશ્રી માટે જ બની હશે...

**એ શ્રેષ્ઠતમ ઉપકાર છે ઉપકારોમાં**
**ઉપકૃતનો જેમાં પરિચય પણ ન હો.**

મુદ્દાની વાત હવે આવે છે. પરમ ગુરુદેવ પાસેથી ગુણોની પ્રસાદી પામીને ગુરુદેવે પણ આવી સેવા કરી હશે. તૂટું તૂટું થતા જિનશાસનના કેટલાંય અંગોને સાંધ્યા હશે..કેટલાં ને કેટલાં પ્રકારનાં જીર્ણોદ્ધારો કર્યા હશે.. કેટકેટલા રંગરોગાન કરીને જિનશાસનની શાન વધારી હશે. પણ એની આપણને કેમ ખબર પડે ? ગુરુદેવ પોતાના ગુરુદેવોની ઘણી વાત કરે, પોતાની નહીં. **उपकृत्य भवन्ति निःस्पृहाः ।**

# ગુરુભક્તિ

**एसो सव्वो गुरूप्पसाओ**

મયણાસુંદરીના આ શબ્દોને ગુરુદેવ ઘણી વાર પોતાના સંદર્ભમાં કહે. પોતાના ઉત્કર્ષનું બધું જ શ્રેય પોતાના ત્રણ ગુરુદેવોને આપે – પૂ.પ્રેમસૂરિજી, પૂ. ભુવનભાનુસૂરિજી અને પૂ. પં.પદ્મવિજયજી.

**દીક્ષા પૂર્વેથી આટલા વર્ષોમાં ગુરુદેવની જેટલી વાચનાઓ સાંભળી છે, તેમાંથી અપવાદરૂપે એક પણ વાચના એવી ન હતી, જેમાં તેમણે પોતાના ગુરુદેવોના ગુણાત્મક ઉદાહરણો ન આપ્યા હોય. જે હૈયે હોય, એ સહજ રીતે હોઠે આવી જાય ને ?**

પોતાના ગુરુદેવ દ્વારા લિખિત એક પુસ્તકનું સંપાદન કર્યા પછી ગુરુદેવ એની પ્રસ્તાવના લખી રહ્યા હતા. પ્રસ્તાવનામાં પોતાના ગુરુદેવનો પરિચય આપવાનો શરૂ કર્યો. હાથ ચાલતો ગયો, પાના ભરાતા ગયા, પણ ગુરુદેવ ધરાતા જ ન હતાં. પરિણામ એ આવ્યું, કે પુસ્તક કરતાં પ્રસ્તાવના મોટી થઈ ગઈ.. ગુરુભક્તિની ધારા ગંગા બની ગઈ. પ્રસ્તાવના પુસ્તક કરતાં બમણી થઈ ગઈ, એથી ય વધી ગઈ. ને સ્વતંત્ર પુસ્તક અસ્તિત્વમાં આવ્યું. **સાત્ત્વિકતાનો તેજ સિતારો.** આ પુસ્તકની બે આવૃત્તિ થઈ. તેની ઘટનાઓના સ્કેચ પ્રકાશિત થયા. આ

જ પુસ્તકના આધારે બે સંસ્કૃત મહાકાવ્યો ને એક સંસ્કૃત ચરિત્ર બન્યું, એક ઈંગ્લીશ સ્ટોરી બની, ને ગુરુદેવ હજી ન ધરાયા તો એક પોકેટ બુક – સંક્ષિપ્ત ચરિત્ર બન્યું.

**સબ ધરતી કાગજ કરું**
**કલમ કરું વનરાઈ ।**
**સાત સમંદર સ્યાહી કરું**
**ગુરુગુણ લિખા ન જાઈ ॥**

આપણે આ બોલીએ છીએ, ગુરુદેવ અનુભવે છે. આજે પણ ગુરુદેવ બોલતાં કે લખતાં ગમે તે મુદ્દા પરથી પાછા ગુરુતત્ત્વ પર આવી જાય છે. માણસ ગમે ત્યાં જઈને પાછો ઘરે જ આવી જાય તેમ. યાદ આવે મીરાંબાઈ...

**મોહે લાગી લગન ગુરુ ચરનન કી**
**ભવસાગર અબ સૂખ ગયો હે**
**મિટ ગઈ દુવિધા તરનન કી**
**મોહે લાગી લગન ગુરુ ચરનન કી**

ભરતના સંત મહાવિદેહમાં, પ્રેમપ્રભા, સિદ્ધાન્તમહોદધિ–પ્રેમસૂરીશ્વરાઃ, સિદ્ધાન્તમહોદધિમહાકાવ્યમ્, પ્રેમમન્દિરમ્, પરમપ્રતિષ્ઠા– ખંડકાવ્યમ્, ભુવનભાનવીયમહાકાવ્યમ્ – આ બધાં જ સર્જનો ગુરુદેવની છલકતી ગુરુભક્તિની અભિવ્યક્તિ છે.

# ગુરુસેવા

થોડા મહિના પહેલાની એક ઘટના. એક ગુરુ–શિષ્ય બીજા ઉપાશ્રયથી વંદનાર્થે પધાર્યા. હું તેમને વળાવવા ગયો. જતાં જતાં ગુરુજી દેરાસરમાં દર્શન કરી રહ્યા હતાં. તેમના શિષ્યે મને કહ્યું, ‘‘મને એવા આશીર્વાદ આપો કે હું ગુરુજીની ખૂબ સેવા કરું.’’ થોડી વારમાં તેમના ગુરુજી આવી ગયા. મને કહ્યું, ‘‘એને આશીર્વાદ આપો, ખૂબ ભણે..’’

**મનોમન હું એ ગુરુ-શિષ્યની જોડીને વંદી રહ્યો. શિષ્યને ગુરુની ખૂબ સેવા કરવી છે. ગુરુને શિષ્યને ખૂબ ભણાવવો છે. કદાચ હું કદી આ સંવાદને ભૂલી નહીં શકું.**

મજાની વાત એ છે, કે આ સંવાદ નવો નથી. જુગ જુગ જુનો છે. ગુરુદેવ જ્યારે પરમ ગુરુદેવનું વસ્ત્ર–પ્રતિલેખન કરવા જતાં, ત્યારે પરમ ગુરુદેવ કહેતા – ‘‘કેમ આવ્યો ? જા, ચોપડી લઈને બેસી જા.’’

કેવો મજાનો સંયોગ ! એક બાજુ કૃતજ્ઞતા સભર ભક્તિ અને બીજી બાજુ નિઃસ્વાર્થ હિતબુદ્ધિ.

કર્મશાસ્ત્રોનો ગુરુદેવે કરેલો જબરજસ્ત સ્વાધ્યાય,

કલાકોના રાત્રિ–પરાવર્તનો, નૂતન કર્મસાહિત્યનો પદાર્થસંગ્રહ, આ બધું જ વસ્તુતઃ ગુરુસેવાની સંવેદનાનું પરિણામ હતું. છેલ્લે છેલ્લે ટપાલ વ્યવહાર, માંડલી વ્યવસ્થા અને વ્યાખ્યાન જવાબદારી આ ત્રિવેણી સંગમના ગુરુદેવ પુણ્યપ્રયાગ બન્યાં, જેના અંતસ્તલમાં સેવાની સુધાસરવાણીઓ ફૂટી ફૂટી એક ભાવતીર્થનું સર્જન કરી રહી હતી. યાદ આવે **અંગવિજ્જા**નો અંતર્નાદ– **गुरुभत्तिजुत्तस्स** - આગમોના રહસ્યો ગુરુભક્તને જ આપવા, બીજાનું એ પચાવવાનું કામ નહીં.

યાદ આવે **ઉપનિષદો**નો સંદેશ – **गुरुभक्तिवते देयम्** યોગ્યતાની અમારી પહેલી ને એક માત્ર શરત છે – ગુરુભક્તિ.

બહુ સ્પષ્ટ છે મહર્ષિઓનો અભિપ્રાય – જ્ઞાનદાયક ભવોદધિતારક ગુરુ પ્રત્યે ય જેને કૃતજ્ઞતા નથી, સહજ ઉછળતો ભક્તિભાવ નથી, એ જ્ઞાન માટે – સાધના માટે– સિદ્ધિ માટે તદ્દન અયોગ્ય છે. **જો એ ય યોગ્ય હોય, તો દુનિયામાં અયોગ્યતા જેવી કોઈ વસ્તુ જ નહીં રહે.**

# ગુરુકૃપા

**“જા, આ વખતે તું જેટલા સાધુઓ સાથે ચોમાસું કરવા જઈશ, એના ડબલ સાધુઓ સાથે પાછો આવીશ.”**

સૂરિ પ્રેમે આ શબ્દો ગુરુદેવને કહ્યા, ને ચમત્કાર... પાંચ ઠાણા ગયા હતાં, દશ થઈને આવ્યા. પરમ ગુરુદેવની વચનસિદ્ધિ. કૃપા બનીને ગુરુદેવ પર વરસી. વિજ્ઞાન આ બાબતમાં સાચું લાગે છે – **જ્યાં હરિયાળી હોય, ત્યાં વાદળ વરસે.**

**मोक्षमूलं गुरोः कृपा ।**
**- गुरुगीता**

મોક્ષનું મૂળ ગુરુકૃપા છે.

# સંવિજ્ઞતા

કાન ફાડી નાખે એવા હોર્નના અવાજથી શ્રમણો થોડા દૂર ખસી ગયા. આગગાડીનું એંજિન રાક્ષસી અવાજ કરતું પસાર થયું. ધુમાડાના ગોટેગોટા ઉડવા લાગ્યા. એક પછી એક ડબા પસાર થઈ ગયા. હજી ય જાણે આખું ય વાતાવરણ પડઘો પાડી રહ્યું.

એક શ્રમણ વિચારમગ્ન બની ગયા, આગગાડીની કેટલી બધી વિરાધના. ને આ ગાડીમાં તો ટપાલો પણ જાય. જો હું કોઈને પોસ્ટકાર્ડ પણ લખું, તો આ વિરાધનામાં મારી પણ ભાગીદારી થઈ જાય. ના ના એ તો મને ન પાલવે... **ને એ શ્રમણે ત્યાં ને ત્યાં સંકલ્પ કર્યો. આજથી પત્રવ્યવહાર બંધ.** ને ખરેખર ત્યાર બાદ લાંબા સમય સુધી તેમણે કોઈને એક પોસ્ટકાર્ડ પણ લખ્યું નહીં.

જાણો છો એ શ્રમણ કોણ હતા ? એ હતા પૂજ્યશ્રી. યાદ આવે **યોગસાર** –

**उपसर्गे सुधीरत्वं, सुभीरुत्वमसंयमे ।**
**लोकातिगं द्वयमिदं, मुनेः स्याद्यदि कस्यचित् ॥**

ઉપસર્ગમાં અત્યંત ધીરતા અને અસંયમમાં અત્યંત ભીરુતા. આ બંને લોકોત્તર અસ્મિતા કોઈનામાં હોય, તો એ છે શ્રમણ.

# પાપભીરુતા

એ શ્રમણવૃંદ વિહાર કરતું કરતું સામે ગામ પહોંચી ગયું. પણ હજી સૂર્યોદય થયો ન હતો. બધાંને ખૂબ આશ્ચર્ય થયું. આવું કેમ થયું ? વિચાર કરતાં ખ્યાલ આવ્યો, કે તેમણે જ્યારે પાંચ વાગ્યાનું અનુમાન કર્યું હતું, ત્યારે હકીકતમાં સાડા ત્રણ વાગ્યા હતાં.

**મજાની વાત એ હતી, કે આખા શ્રમણવૃંદમાં કોઈની પણ પાસે ઘડિયાળ ન હતી.** વિહાર ભૂલથી વહેલો થઈ જાય એ અનાભોગ અને ઘડિયાળ રાખવી એ અનાચાર, એની એ મુનિઓને સ્પષ્ટ સમજ હતી. એ પરમ પાવન વૃન્દમાં એક હતા પૂજ્યશ્રી. જેમણે સંયમજીવનના પાંત્રીશ વર્ષ સુધી ઘડિયાળનો પરિગ્રહ સ્વીકાર્યો નથી. યાદ આવે આગમ... **छिन्नसोए अममे अकिंचणे...**

> ધન તે મુનિવરા રે...
> જે જિન-આણા પાળે....

# પરિણતિનું પીયૂષ

**“આટલાં વર્ષ આના વગર ચાલ્યું છે તો હવે ન ચાલે ?”**

વૃદ્ધ મુનિઓની વ્યવસ્થાના આશયથી ગુરુદેવથી ગુપ્તપણે સાઈકલવાળાની ગોઠવણ કરવામાં આવી. પણ સાઈકલવાળાની અણ આવડત(!)થી ગુરુદેવને એના પ્રત્યક્ષ દર્શન થઈ ગયા. ગુરુદેવે ઉપરોક્ત શબ્દ કહ્યાં ને સાઈકલવાળાને વિદાય આપવી પડી.

ગુરુદેવે સંયમજીવનના ૫૧ વર્ષો સુધી વિહારમાં એક સાઈકલ સુદ્ધા રાખી નથી. દુનિયાનું સર્વશ્રેષ્ઠ વાહન છે જિનવચન.. **निव्वाणमग्गे वरजाणकप्पं...** જે અંતર્મુહૂર્તની અંદર જ આત્માને પરમ પદની પ્રાપ્તિ કરાવી શકે છે. જે એ વાહનને પામી લે, એને બીજા વાહનનો વિચાર પણ શી રીતે આવી શકે ? **ગુરુદેવે અગવડતાઓને વધાવી છે, નાદુરસ્ત તબિયતે પણ ખુશી ખુશી સહન કર્યું છે, પણ માણસો, સાઈકલ આદિ વાહન કે સાથે ચાલતા રસોડાની સગવડો પ્રત્યે હંમેશા લાલ આંખ રાખી છે.** પછી, ચાહે મહારાષ્ટ્રના વિહારો હોય કે રાજસ્થાનના... **અષ્ટાવક્રગીતા**માં કહેલી **યથાપ્રાપ્તવર્તિતા** ગુરુદેવના જીવનનો એક પર્યાય બની છે. જિનવચનના અવિહડ રાગ અને તેની સમ્યક્ પરિણતિ વિના આ શક્ય જ નથી.

# સૂક્ષ્મ સંયમ

**“ના, હવે હું એ દરવાજેથી નહીં આવું.”**

સુરતમાં દર્શન કરીને ગુરુદેવ પાછા ઉપાશ્રય પધારી રહ્યા હતાં. ઉપાશ્રયનો પહેલો દરવાજો આવ્યો, તે બંધ હતો, તાળું ન હતું પણ આંકડો લગાડેલ હતો. બીજા દરવાજા સુધી જવા માટે ૪૦-૫૦ પગલા બીજા ચાલવા પડે એમ હતું. મેં ઝડપથી તે મોટો આંકઢો ફરાવવા માંડ્યો ને દરવાજો ખોલી દીધો. ગુરુદેવને આ વિરાધના પસંદ ન પડી. તેમણે ઉપરોક્ત શબ્દો કહ્યા અને ફરીને પણ બીજો દરવાજો, જે ખુલ્લો જ રહેતો હતો, ત્યાંથી પધાર્યા.

**ચારિત્ર વિણ નહીં મુક્તિ રે...** મારા જેવા એ બોલી શકે, યાદ રાખી શકે, સમજાવી શકે, પણ ગુરુદેવ તો એને સ્પર્શી ગયા હતાં. સ્પર્શજ્ઞાનની કેવી અદ્ભુત અભિવ્યક્તિ ! **ગુરુદેવને ખબર હતી, કે સંયમમાં કોમ્પ્રોમાઈઝ એટલે મોક્ષમાં કોમ્પ્રોમાઈઝ.** પરમ પાવન શ્રી**ઉત્તરાધ્યયન સૂત્ર**નો કેવો મજાનો સંવાદ... **निव्वाणमग्गे विरए उवेइ...** મોક્ષ અને મોક્ષમાર્ગ એને પ્રાપ્ત થાય છે, જે સંયમી છે.

# एसणासमिए

**“ભગત ! એમના ટાઈમે લાવજો.”**

બપોરે ગુરુદેવ માટે ‘ચા’ વહોરી લાવવા માટે અમારા ભગત મ.સા. તૈયાર થયા ને ગુરુદેવે આ શબ્દો કહ્યા. ગુરુદેવને ખબર હતી કે એ તીર્થમાં વિશાળ સંખ્યામાં સ્ટાફ છે, ને બપોરે એ સ્ટાફ માટે ચા બને છે. ગુરુદેવને એ પણ ખબર હતી કે સ્ટાફની ચા અને સ્પેશિયલ ચા વચ્ચે લારી અને તાજમહાલ હોટલ જેટલો ફરક હશે. ગુરુદેવને એ પણ ખબર હતી કે સ્ટાફના ટાઈમે વાપરવામાં જાપ વગેરેના રોજના સમયમાં ફેરફાર કરવો પડશે. **પણ ગુરુદેવને સ્વાદ અને સમય કરતાં સંયમનું મૂલ્ય વધારે હતું.** એ જાણતા હતાં, કે જિનશાસનમાં એવી નિયતતા માન્ય નથી. માટે જ સાધુની વિહારચર્યા અને ભિક્ષાચર્યા એ બંને અનિયત હોય છે, એવું આગમમાં કહ્યું છે – **एसणासमिए लज्जू गामे अणियओ चरे...** શત શત વંદન એ મૂર્તિમંત આગમને.

# ખરેખર આફરીન

**"જો, ઓઘો આમ નહીં, આમ મુકાય."**

હું હતો નૂતનદીક્ષિત, ગુરુદેવે મને આ શબ્દો કહ્યા ને સંયમની દુનિયામાં હું પા પા પગલી ભરવા લાગ્યો. ઓઘાને જમીન પર બે રીતે મુકી શકાય, એક રીત– જેમાં તેની મહત્તમ દશીઓ જમીનને સ્પર્શે અને બીજી રીત જેમાં દશીઓનો માત્ર અગ્ર ભાગ જમીનને સ્પર્શે. ગુરુદેવ મને બીજી રીત શીખવી રહ્યા હતા. કારણ કે આ રીતમાં દશીઓ ઓછી મેલી થાય. જ્યારે તેમનો કાપ કઢાય (તેમને ધોવામાં આવે), ત્યારે ઓછા પાણીથી કામ પતી જાય, ને વધુ વિરાધના ન થાય.

**રસ હશે તો રસ્તો મળશે. ગુરુદેવને સંયમમાં રસ હતો, તો રસ્તા તૈયાર જ હતા.** આફરીન થવું જ હોય તો મોટી મોટી જીવહિંસા કરતાં સાધનો પર નહીં, પણ સૂક્ષ્મ સૂક્ષ્મ જીવદયા કરતાં સંયમ પર જ થવા જેવું છે, એવું નથી લાગતું ? યાદ આવે **પ્રશ્નવ્યાકરણ** આગમ – **सव्वभूअदयट्ठाए पावयणं भगवया सुकहियं** - જિનશાસનનો ઉદ્દેશ અને જિનશાસનનું હાર્દ એક જ છે સર્વ જીવો પ્રત્યે દયા.

# જ્વલંત વિરાગ

❁ લવ–એન્ગેજમેન્ટ પછી લગ્નના વરઘોડાને બદલે દીક્ષાના વરઘોડામાં સામેલ થઈ વીશ વર્ષની **નવયુવાનવયે સંયમ સ્વીકાર કર્યો.**

❁ શારીરિક નબળાઈના કારણસર પૂજ્યોએ કેરી વપરાવવાનો આગ્રહ કર્યો, તો ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

❁ સંયમજીવનના પાંત્રીશ વર્ષ કેરીનો ત્યાગ કર્યો.

❁ પરિમિત આહાર અને પરિમિત દ્રવ્યોથી જ સમગ્ર જીવન પસાર કર્યું. આજે પણ આ જ ક્રમ ચાલુ છે.

❁ આડંબર, પ્રેસપ્રસિદ્ધિ, નામના, ફોટા, પ્રસંગોએ મોટી મોટી વ્યક્તિઓને બોલાવવી, આગંતુક પાસે સ્વપ્રશંસા કરવી– આ બધી વસ્તુઓ ગુરૂદેવને કદી સ્પર્શી નથી. **ગુરુદેવના વિરાગની મસ્તી જોઈને એ વસ્તુઓ કદાચ દૂરથી જ સમજી ગઈ હશે... રોંગ નંબર.**

❁ ગુરુદેવના ભક્તો કેટલા ? આંગળીના વેઢા વધી પડે એટલા. ભક્તાણી કેટલી ? કબૂતરની કલગી જેટલી.

યાદ આવે **સિદ્ધાન્તમહોદધિ – भक्तेषु रञ्जितमना न बभूव सूरिः, भक्ता तु नैव जनिता वनिताभियाऽस्य** - બધો રાગ જ્યારે જિન અને જિનશાસન પર કેન્દ્રિત થઈ ગયો હોય, ત્યારે ભક્તો માટે શું બાકી રહે ? નારીમાત્ર ભયસ્થાન  તરીકે સમજાઈ ગઈ હોય ત્યારે ભક્તામણીનો ઉદ્ભવ જ ક્યાંથી થાય ?

પરમ પાવન શ્રી **દશવૈકાલિક** સૂત્ર યાદ આવે – **एवं खु बंभयारिस्स इत्थीविग्गहओ भयं** - બ્રહ્મચારીને સ્ત્રીના મડદાથી પણ ભય છે, ને ચિત્રથી પણ. **ગુરુદેવે આગમોને માત્ર વાંચ્યા નથી, માત્ર વાગોળ્યા નથી, માત્ર પચાવ્યા નથી, પણ એની પરિણતિમાં ખુદ ઓળઘોળ થઈ ગયા છે, એવું નથી લાગતું ?**

મને લાગે છે કે ગુરુદેવના વિશેષણો એમને અન્યાય કરતાં હશે. **ગુરુદેવ માત્ર વૈરાગ્યદેશનાદક્ષ નથી, સ્વયં વૈરાગ્યનો તેજપૂંજ પણ છે, ગુરુદેવ માત્ર શ્રુતોદ્ધારક નથી, શ્રુતની પરિણતિમાં નખશિખ ઓતપ્રોત પણ છે.**

# एवमेव

**"આપણે એમ ને એમ રહીશું."**

સિદ્ધાચલની છાયામાં ઉનાળામાં નવ્વાણુંમાં ને દશેરાથી ઉપધાનમાં નિશ્રા આપવાની રજા અપાઈ ને પ્રશ્ન આવ્યો કે વચ્ચે શું કરીશું ? ત્યારે ગુરુદેવે ઉપરોક્ત જવાબ આપ્યો હતો. તીર્થના મહિમાથી ને પોતાના પ્રભાવથી ચાતુર્માસાદિ આયોજન શક્ય હોવા છતાં – વાજા–ગાજા ને ભીડ સંભવિત હોવા છતાં ગુરુદેવની સહજ વૃત્તિ આ હતી – **એમ ને એમ. અષ્ટાવક્રગીતા** ગુરુદેવમાં વાંચી શકાય – **एवमेव यथासुखम्** – **અજ્ઞાની સુખી થવા માટે ફાંફા મારે છે. જ્ઞાની એમ ને એમ સુખી હોય છે.** સુખનું પરમ રહસ્ય આ જ છે એમ ને એમ... **एवमेव...** જે ગુરુદેવનો સ્વભાવ બની ચૂક્યું છે.

> **गुरुभक्तिप्रभावेण**
> **तीर्थकृत्-दर्शनं मतम् ।**
> **- पू. हरिभद्रसूरि म.**
>
> ગુરુભક્તિના પ્રભાવે સાક્ષાત્
> તીર્થંકરનું દર્શન થાય છે.

# गुरुः साक्षात् परब्रह्म

### **"ભગવાનનું નામ લો."**

જેસલમેરના વિહારમાં નાનકડા ગામમાં અજૈન લોકો ગુરુદેવના દર્શન કરવા આવ્યા, ને ગુરુદેવે તેમને આ શબ્દો કહ્યા, ત્યારે તે લોકોનો સહજ જવાબ હતો –

**"અમારે તો તમે ભગવાન, અમારે બીજા કયાં ભગવાન ?"**

મને લાગે છે કે એ લોકો ભોળા નહીં, પણ વિચક્ષણ હતા, જેમણે પહેલા જ દર્શને કાન્તિ, પ્રસાદ, સૌમ્યતા વગેરે ગુણોને પરખી લીધા હતાં. યોગગ્રંથો સાક્ષી પૂરે છે – **कान्तिः प्रसादः स्वरसौम्यता च योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ।**

કદાચ કોઈ વધુ વિચક્ષણ વ્યક્તિ આવે, તો તેને નિષ્પન્નયોગીના લક્ષણો પણ જણાઈ આવે – **दोषव्यपायः परमा च तृप्तिरौचित्ययोगः समता च गुर्वी...** દોષોનો વિલય, પરમ તૃપ્તિ, ઔચિત્ય યોગ, પરમ સમતા.. **હરિસેવા સોલહ બરસ, ગુરુસેવા પલ ચાર** – જેવા શબ્દોનો અર્થ હવે કંઈક સમજાય છે.

# ગન્ધઃ શુભો..

યોગગ્રંથોમાં યોગીનું એક લક્ષણ આ કહ્યું છે – એમના શરીરમાંથી સુગંધ આવતી હોય. વગર સ્નાને – વગર અત્તરે ગુરુદેવનું શરીર સુવાસિત હોય છે. જે સુવાસ ગુરુદેવના વસ્ત્રોમાં સંક્રમે છે. આજે પણ ગુરુદેવના શિષ્યો તે ખાસ–સુવાસ પરથી ગુરુદેવના વસ્ત્રોને અંધકારમાં પણ ઓળખી શકે છે.

યોગીનું બીજું એક લક્ષણ છે – **कान्तिः** – તેજ – તેજસ્વિતા. એક મોટા તીર્થમાં ગુરુદેવનું ચાતુર્માસ હતું. એ તીર્થના સંચાલક એક દિવસ બોલ્યા વિના ન રહી શક્યા – **“ગુરુદેવની ચામડી કેવી છે... એકદમ રેશમ જેવી. અમે સાબુ ઘસી ઘસીને મરી જઈએ છીએ, તો ય કાંઈ થતું નથી.”**

**जं देवाणंवि पुज्जो,**
**भिक्खानिरओवि सीलसंपुन्नो।**

ભિક્ષા ઉપજીવી છતાં જો શીલની સુવાસથી સંપૂર્ણ હોય તો તે દેવોથી પણ પૂજાય છે.

# મૈત્રીભાવ

યોગગ્રંથોમાં યોગપ્રવૃત્તિનું પ્રથમ લક્ષણ કહ્યું છે – **मैत्र्यादियुक्तं विषयेषु चेतः ।** જીવમાત્ર – ગુણાધિક – દુઃખી અને અવિનીત આ વિષયોમાં જેનું મન મૈત્રી–પ્રમોદ–કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાથી યુક્ત હોય.

ગુરુદેવનો આ સ્વભાવ છે. **બધા માટે સારું જ બોલવું. બધાનું સારું જ જોવું. બધાનું સારું જ ઈચ્છવું, ને બધા માટે સારા જ થઈ જવું.** ગાંધીજીનું એક વાક્ય છે – લોકો મને માન આપે છે, કારણ કે હું લોકોને માન આપું છું. ગુરુદેવની આદરણીયતાનું રહસ્ય આ યોગલક્ષણમાં રહેલું છે.

**मैत्री परेषां हितचिन्तनम् ।**
**- महो. विनयविजयजी म.सा.**

મૈત્રી = બીજાના હિતનો વિચાર.

# વારસો

અમદાવાદ-વાસણા ખાતે તપસ્વી પૂ. હિમાંશુસૂરિજી પ્રેરિત અષ્ટાપદ સ્થાપત્ય તીર્થનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ હતો. કલ્યાણકોની શાસ્ત્રીય વિધિમાં ગુરુદેવ તન્મય બની જતાં. નવયુવાન જેવા તરવરાટથી મંત્રોચ્ચાર કરતાં ને ભક્તિમાં ભીંજવી દે એવું પ્રાસંગિક સંબોધન કરતાં. પ્રભુના જન્મના સમયે જેમણે ગુરુદેવને જોયા હોય, તેઓ જીવનભર એ અનુભવને ભૂલી ન શકે.

આ ઉત્સવમાં દાદા ગુરુદેવ પૂ. ભુવનભાનુસૂરિજીના બેન મ.સા. પણ હતાં. ગુરુદેવને ગદ્ગદ્ કંઠે તેમણે કહ્યું, **"સાહેબ પછી આપ છો."** ગુરુદેવ વળતી જ પળે બોલી ઉઠ્યા, **"સાહેબ જ છે."**

પૂજ્યશ્રીના ગયા પછી આપશ્રીએ એમનો વારસો જાળવ્યો છે, એવું કહેવાનો એ સાધ્વીજી ભગવંતનો આશય હતો ને ગુરુદેવે અદ્ભુત વાત કરી, હું છું જ નહીં, પૂજ્યશ્રી જ છે.

**પાક્ષિકક્ષામણાસૂત્ર**માં એક શબ્દ આવે છે. **आयरियसंतियं - મારું કશું જ નથી, જે છે, એ બધું જ ગુરુનું.**

કહેવાય છે કે સૂત્ર તો માત્ર દિશા દેખાડે છે, આપણે એ દિશામાં આગળ ચાલવાનું હોય છે. આપણે જોઈ શકીએ છીએ, ગુરુદેવ આગળ છે.

આ સમર્પણને અને અસ્તિત્વના વિસર્જનને સમજવા માટે આપણી સમજશક્તિનો પન્નો ટૂંકો પડશે એવું નથી લાગતું ?

**गुरु मानुष करि जानतें,**
**तें नर कहिए अंध ।**
**- संत कबीर**

જેને ગુરુ મનુષ્યમાત્ર લાગે છે,
પરમેશ્વર નહીં, તે નર અંધ છે.

# વાત્સલ્ય

ગુરુદેવની ઈચ્છા ગોચરી વાપરીને હોસ્પિટલમાં જવાની હતી. મહાત્માની ખબર કાઢવા. મારે સાથે જવાનું હતું. ગુરુદેવ તો પાંચ મિનિટમાં વાપરી લે. મારી ઓળી ચાલતી હતી. મારું આયંબિલ પૂરું થાય ત્યાં સુધી ગુરુદેવને રાહ જોવી પડે. આવું ન થાય, તે માટે મેં ગોચરીમાં માત્ર પ્રવાહી લીધું. બે મિનિટમાં આયંબિલ પૂરું. મને તૈયાર થયેલો જોઈને ગુરુદેવને ખ્યાલ આવી ગયો, કે મેં કેવી રીતે આયંબિલ કર્યું હશે. **ગુરુદેવ નારાજ થઈ ગયા. મને ઠપકો આપ્યો અને કહ્યું કે "જા, હવે હું તને સાથે નહીં લઈ જાઉં."** અને ખરેખર ગુરુદેવ બીજા મહાત્મા સાથે હોસ્પિટલમાં પધાર્યા.

પેલું સુભાષિત ગુરુદેવમાં કેવું ફીટ બેસે છે –

**वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि ।**
**लोकोत्तराणां चेतांसि, को हि विज्ञातुमर्हति ।।**

વજ્ર કરતાં પણ કઠોર અને પુષ્પ કરતાં પણ કોમળ આવું હોય છે લોકોત્તર પુરુષોનું મન. આપણા જેવા તેને શી રીતે સમજી શકે ?

**માત્ર પોતાના શિષ્ય પર નહીં, સમગ્ર ચતુર્વિધ સંઘ પર ગુરુદેવે અનરાધાર વાત્સલ્ય વરસાવ્યું છે.**

# ગુરુદેવની કેટલીક ઈચ્છાઓ

(૧) આખી દુનિયામાં **આધ્યાત્મિક ક્રાન્તિ** થવી જોઈએ.

(૨) ગામે ગામ યોગ્ય પ્રવચનકારો દ્વારા જાહેર પ્રવચનો, સ્કુલ પ્રવચનો, કોલેજ પ્રવચનો થવા જોઈએ, જેમાં **સંસ્કારો, મૂલ્યો, સંસ્કૃતિ અને સદાચારનો સંદેશ** અસરકારક રીતે આપવો જોઈએ.

(૩) વિશ્વનું **સમસ્ત જૈન સાહિત્ય** યોગ્ય ઉપાયો દ્વારા વિભિન્ન જૈન સંઘોમાં સુરક્ષિત બની જાય.

(૪) **જિનશાસનની સર્વોપરિતા** સિદ્ધ કરતું સાહિત્ય અંગ્રેજી અને અન્ય મુખ્ય ભાષાઓમાં તૈયાર થાય અને **વિશ્વભરની લાઈબ્રેરીઓમાં મોકલાય.**

(૫) ગામે ગામ એક **અહિંસાયાત્રાનું આયોજન** થાય. જેમાં આકર્ષક રીતે **જીવદયા અને કરુણાનો સંદેશ** આપવામાં આવે.

(૬) શૈક્ષણિક-સંસ્થાઓમાં **સંસ્કારવર્ધક સાહિત્ય/પત્ર** મોકલવામાં આવે.

(૭) બધાં જ વિધાનસભ્યો/સત્તાધીશોને **પ્રેરક સાહિત્ય/પત્ર** મોકલવામાં આવે.

(૮) સમસ્ત શ્રીસંઘમાં **પ્રેમ અને સંપનું વાતાવરણ** થઈ જાય. ક્યાંય સંક્લેશ ન રહે.

(૯) શ્રીસંઘ અને ઈતર લોકો – બધાં જ સમજી શકે એવું **શ્રીમહાવીરસ્વામીનું ચરિત્ર** પ્રકાશન પામે.

(૧૦) શ્રમણ સંસ્થામાં **સંયમની શુદ્ધિ** જળવાઈ રહે.

(૧૧) સહુના હૃદયમાં **જિનશાસનની પ્રતિષ્ઠા** થઈ જાય.

(૧૨) કોઈ દેવ દ્વારા **જિનશાસન અને વિશ્વની સમસ્યાઓનો અંત** આવે.

We can see - **ગુરુદેવની ઈચ્છાઓના કેન્દ્રમાં જિનશાસન, વાત્સલ્ય અને કરુણા સિવાય બીજું કશું જ નથી.**

**आज्ञा गुरुणामविचारणीया ।**

ગુરુની આજ્ઞા વિચારવા યોગ્ય નથી,

પણ પાલન કરવા યોગ્ય છે.

# સ્વાધ્યાય

ગુરુદેવે બાળપણમાં એક તપ કરેલ – પિસ્તાલીશ આગમ તપ. રોજ એકાસણા કરવાનાં. વિવિધ ક્રિયાઓ કરવાની. પ્રવચનમાં તે તે આગમનું વર્ણન સાંભળવાનું. **તપ કરતાં કરતાં ગુરુદેવ રોજ ભાવના ભાવે- આ આગમોનું અધ્યયન હું ક્યારે કરીશ ? ક્યા...રે ?**

ને આ મનોરથો દ્વારા ગુરુદેવે જે પુણ્યાનુબંધી પુણ્યનું સર્જન કર્યું, તે પુણ્યે તેમને સંયમજીવન આપ્યું, સદ્ગુરુ આપ્યા ને જ્ઞાનની વિશુદ્ધ પરંપરા આપી. નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા આદિ સાથે ગુરુદેવે પિસ્તાલીશ આગમોનું સાંગોપાંગ અધ્યયન કર્યું.

ધીરુભાઈ અંબાણીએ દુનિયાને એક થિયરી આપી – 'તમે જે જોઈ શકો છો, તેને તમે મેળવી શકો છો.' આ થિયરી ખોટી છે. જો એ સાચી હોત તો દુનિયામાં કોઈ ગરીબ ન હોત. સાચી થિયરી પરમાત્માએ આપી છે. સાચી થિયરી જ નહીં, સાચું લક્ષ્ય પણ પરમાત્માએ આપ્યું છે. **પ્રભુ કહે છે - મેળવવા જેવી કોઈ હોય, તો એ આધ્યાત્મિક સમૃદ્ધિ જ છે.** અને મેળવવાની થિયરી આ છે – 'તમે જેને ઝંખી શકો છો, એને તમે મેળવી શકો છો.' ઝંખના... શુદ્ધ મનોરથ, એ અધ્યાત્મવિશ્વની પ્રથમ મૂડી છે. **અધ્યાત્મસાર** આ જ વાત કરે છે – **चिकीर्षा शुद्धगोचरा।** બસ, ઝંખો અને મેળવો.

# સંધિકાળ

એક તરવરિયો યુવાન એકાએક જિનાલય અને ઉપાશ્રયનો અનુરાગી બની ગયો. મુંબઈના પ્રાચીનતમ જિનાલયો ને લાલબાગ, ભાયખલા વગેરેના ઉપાશ્રયો એના સાંકળી નિવાસસ્થાન જેવા બની ગયા. **સદ્‌ગુરુની વાણી એને સવારે ભીંજવી દેતી, બપોરે પ્રભુ પાસે એકાંતમાં એ એના કપડાંને અશ્રુથી ભીંજવી દેતો, ને મધરાતે એને સમવસરણનું સ્વપ્ન આવતું.** સવારે સદ્‌ગુરુએ જે પ્રવચનમાં કહ્યું હોય, એ જ એને પ્રભુની દેશનામાં સંભળાતું. જિનવાણી એના સ્વપ્નને ભીંજવી દેતી.

સંવેદનાના આ ઘોડાપૂરમાં માત્ર આ ભવના જ નહીં, પણ જાણે ભવોભવના પડળો ધોવાઈ ગયાં. સદ્‌ગુરુની વાણીએ એને પીગાળીને એનું નવસર્જન કર્યું. પ્રભુએ સ્મિત કરીને એનું સ્વાગત કર્યું ને સમવસરણે એના સ્વપ્નને સાકાર કર્યું, ખરેખર.

**કોણ હતો એ યુવાન ? કહેવાની જરૂર છે ખરી ?**

# મર્યાદાચૈ નમો નમઃ

એક જ્યોતમાંથી અનેક જ્યોત પ્રગટે, એ રીતે ગુરુદેવની પાછળ બે દીક્ષા થઈ. (૧) જેમની સાથે સગાઈ થયેલ તે સરસ્વતીબહેન (૨) સગાં નાના બહેન – વિજયાબહેન. આજે તે બંને પૂજ્યો – પૂ.સા. શ્રીસ્વયંપ્રભાશ્રીજી મ.સા. અને પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. – બંનેના ૫૦–૫૦ થી વધુ શિષ્યાઓ છે. તેમાં ય પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. તો પ્રવર્તિની પદે બિરાજમાન હોવાથી પ્રાયઃ અઢીસો શ્રમણીઓના નાયિકા છે. વધુમાં ગુરુદેવના સંસારીપણે ભત્રીજી પણ દીક્ષા લઈને પૂ.સા.શ્રી દિવ્યયશાશ્રીજી મ.સા. નામ ધારણ કરી અનેક શિષ્યાઓ સાથે વિચરી રહ્યા છે. આ સિવાય પણ અનેક સમુદાયોમાં એવા શ્રમણી પૂજ્યો છે, જેઓ સંયમજીવનના પ્રેરકસ્રોત તરીકે વૈરાગ્યદેશનાદક્ષ ગુરુદેવનો ઉપકાર માને છે.

એક બાજુ પોતાને ગુરુ માનતા શતાધિક શ્રમણીઓ હોય, ને બીજી બાજુ શ્રુતોદ્ધારનું વિરાટ કાર્ય હોય, **તો પણ ગુરુદેવે એક પણ સાધ્વીજી ભગવંતને પ્રુફવાંચન, પ્રેસકોપી ક્રિયેશન, મુદ્રણવ્યવહાર વગેરે એક પણ કાર્ય સોપ્યું નથી. તલ જેટલું પણ નહીં.**

શ્રુતોદ્ધાર નિમિત્તે પણ સાધુ–સાધ્વીના વ્યવહાર થાય – સંપર્ક થાય, એ ગુરુદેવને ઈષ્ટ નથી. **આજે ૮૩ વર્ષની ઉંમરે પણ ગુરુદેવ ખુદ પોતાને ય તેમાં અપવાદ સમજતાં નથી.** ને માટે જ આજ સુધી આ મર્યાદાને અખંડપણે જાળવી રાખી છે.

મને લાગે છે કે **वज्जेयव्वा सया अज्जा** જેવા ગંભીર શાસ્ત્રવચનોની રચના વખતે ગુરુદેવ વિદ્યમાન હોત, તો શાસ્ત્રકારોએ ઉદાહરણ તરીકે ગુરુદેવનું દૃષ્ટાન્ત જરૂર આપ્યું હોત.

## પ્રશ્નનો જવાબ પ્રશ્ન

શ્રાવક – ગુરુદેવ ! આપનું નામ ઘણું મોટું છે ?

**ગુરુદેવ** – નામથી સદ્ગતિ મળશે ?

* * * *

**ગુરુદેવ** – આજે ૫૦૦૦નું નુકશાન થયું.

શિષ્ય – કંઈ સમજ્યો નહીં.

**ગુરુદેવ** – આજે counter દેખાયું નહીં. એ હાથમાં હોય તો ૫૦૦૦ વાર અરિહંતનું સ્મરણ આવતાં જતાં અનાયાસે થઈ જતું.

# इह संतो तत्थसंताइं

પૂજ્યશ્રીએ સંયમપર્યાયના ૬૫ વર્ષમાં જે દહેરાસરના એક પણ વાર દર્શન કર્યા છે એની ભાવયાત્રા આજના સમયે પણ અહોભાવથી ચાલુ છે. ઘણા જિનાલય તો આજુ બાજુના, ગોખલાના પ્રભુજીને પણ યાદ કરી રાત્રીની નીરવ શાંતિમાં ભક્તિસભર બની ઝૂમી ઉઠે છે.

એવું તો અનેકવાર અનુભવ્યું છે કે રાત્રીના ૧-૨ વાગે ઉંઘ ઉડે અને કાનમાં સ્પષ્ટ-ભાવવિભોર શબ્દો સંભળાય. પૂજ્યશ્રી સિમંધરસ્વામી પાસે પહોંચીને જાણે ત્યાંનું વર્ણન Live કરતાં હોય એવી મહાવિદેહની ભાવયાત્રા ચાલતી હોય.

અજબ ધુન 'અર્હં'ની લાગી રે...

# अक्खाण रसणो

ઇન્દ્રિયોમાં જીભને સહુથી દુર્જય કહી છે પણ દુર્જય કે સુજ્ય એ કોઈ પર લેબલ થોડી મારી શકાય છે ? જે મારા જેવા માટે દુર્જય છે એ જ ગુરુદેવ માટે સહેલાઈથી જીતી શકાય છે.

એકવાર ગોચરીમાં એક અનુકૂળ વસ્તુની ગુરુદેવને વિનંતી કરી. હંમેશની જેમ અનુકૂળ વસ્તુની એમનાથી ના પડી ગઈ. મેં કહ્યું, 'આમાં શું વાંધો છે ?' ગુરુદેવને આવી બાબતમાં પહોંચી વળવા મુશ્કેલ છે. મને કહે ન ખાઈએ તો શું વાંધો છે ? ગુરુદેવ ! આવું વાપરશો તો શરીરથી કામ લઈ શકશો. ગુરુદેવે જે શબ્દો કહ્યા છે... **ગાંડા ! આ ઉંમરે તો અણસણ કરવાનું હોય.**

આપણે ઉપવાસમાં કદાચ આહાર સંજ્ઞા અકબંધ રાખતા હશું જ્યારે ગુરુદેવ વાપરતાં હોય તો પણ ઉપવાસની જ નિર્જરા પામતાં હશે.